સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સ્વાર્થમાં નિવેદનના અર્થ ઉલટાવી નાખે છે,
ભોળા મતદારનાં મન પણ પલટાવી નાખે છે.
વટલાવી નાખે છે નાણાંથી પવિત્ર 'મતદાન' -
ગેરરીતિથી હારની બાજી સૂલટાવી નાખે છે !

હાઈકુ

છે વફાદાર !
આ ઈવીએમ પણ -
સત્તા - પક્ષને...

'લાયક' - નહીં
જીતે છે હવે જંગ -
સત્તા - સંપત્તિ...

ચિંતન

श्रुतिर्विभिन्ना स्मृतयश्च भिन्ना नैकोमुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

શ્રુતિ અને સ્મૃતિ અનેક છે. અર્થાત્ વેદ-શાસ્ત્ર-પુરાણો અનેક છે. ભિન્ન-ભિન્ન મતવાળા છે. પ્રમાણભૂત તથા મતભેદ વિહીન વચન હોય તેવાં કોઈ મુનિવચન પણ જોવા મળતા નથી. ધર્મતત્ત્વ વિશે શ્રુતિ-સ્મૃતિ ઋષિઓનાં વચનોમાં વિવિધતા - મતભેદ અભિપ્રાય ભેદ જોવા મળે છે... કારણ ધર્મસત્ત્વ અતિ ગહન છે, રહસ્યમય છે. સંત-પુરુષો જે રસ્તે જે પ્રમાણે આચરણ કરી જીવનજીવતા હોય તે માર્ગ જ અનુસરવા યોગ્ય હોય છે. આ વિભિન્નતામાં તો ગુંચવાઈ જવાય પરંતુ શુદ્ધ સત્ય - આચરણનું અનુસરણ જ શ્રેષ્ઠ માર્ગ છે.

ધાર્મિક ગ્રંથોમાં જ્ઞાન ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યું છે. વિદ્વાન સાધુ સંત - મુનિવરોનો અનુભવ એમની સમજ અને શબ્દોમાં છે. એ આપણા અનુભૂતિની મર્યાદાથી બહાર છે. આપણે તો સાધુ-સંતોના શુદ્ધ આચરણનું જ અનુસરણ કરવાનું રહે છે.

સુવિચાર

- વ્રત પ્રેમથી આવે, બાધા પરાણે લેવી પડે છે - **મોરારિ બાપુ**
- બીકના પાયા પર કેળવણીનું મંડાણ કરવું એ તો જોખમ છે, બીકમાંથી બાળક હંમેશા અસત્ય અને દંભનો આશ્રય લેતું થાય છે- **મનુભાઈ પંચોળી**
- જો અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય તે 'કેળવણી' - **સ્વામી વિવેકાનંદ**
- નકારાત્મકતાની દિવાલો તોડીને જે આગળ વધીએ તો જ હકારાત્મક ચેતનાને જગ્યા મળે, દરવાજો મળે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે કોઈ પરિસ્થિતિને પસંદ ન કરી શકો તો એને બદલી નાખો અને જો બદલી ન શકો તો તમારો દૃષ્ટિકોણ બદલી નાખો - **માયા એજલિયુ**
- સાધુ વર્તમાનની ઘડીને કોઈ દી'ભુતકાળ ન થવા દે, અને ભવિષ્યકાળ પણ ન થવા દે, સતત એ જ પળમાં માણે એનું નામ 'સાધુ' - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : નવશેકા પાણીમાં મધ મેળવી ઘૂંટડે ઘૂંટડે પાણી પીવાથી ગળાનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

૧૮૯૭ના ગુલામીકાળમાં ભારતમાં પોલાદ બનાવવાનો વિચાર કરવો એ પણ લોખંડી કાર્ય હતું. એ વર્ષે અંગ્રેજ અમલદારોને ભારતીયોની આવડત અને કુનેહ કૌશલ્ય અને સ્વદેશ સ્વાભિમાન બતાવીને જમશેદજી તાતા એ પડકાર ફેંક્યો હતો. તેમણે અંગ્રેજ અફસર ફેડ્રિક કોટ્રે ને કહ્યું હતું. 'તમે આવનારા સમયમાં જો શો કો ભારતીય દ્વારા, ભારતીય થકી અને ભારતીય માટ અમે સૌ મોટા પાયે પોલાદનું ઉત્પાદન કરીશું અને એવું મજબૂત પોલાદ બનાવીશું કે જેમાંથી બનાવેલા પાટા ઉપર લાખો ટન માલસામાન ભરેલી ટ્રેનો સફળતા પૂર્વક દોડશે.' એ વખતે ફેડ્રિકે જમશેદજીની મશ્કરી કરતાં કહ્યું હતું, 'મિ. તાતા, જો તમે બ્રિટીશ માપદંડોની અપેક્ષા ના સ્ટીલના પાટા બનાવશો અને એમાં સફળ થશો તો હું બે રતલ સ્ટીલ ખાઈ બતાવવાનું તમને વચન આપું છું.' ફેડ્રિક તો જમશેદજીનું પોલાદના કારખાનું જોવા જીવિત ન રહ્યા પણ ૧૯૦૭માં તાતા આર્યન એન્ડ સ્ટીન કંપનીએ બ્રિટીશરોની આંખો પહોળી થાય તેવો વિશાળ પ્લાંટ શરૂ કર્યો. જમશેદજી તાતા તો સગી આંખે સપનું સાકાર થતાં ન જોઈ શક્યાં, પણ ભારતની પ્રજાને સપના દેખવાની પ્રેરણા જરૂર આપી હતી.

જાતિ ધર્મ તરફ ઢસડાતો ચૂંટણી સંગ્રામ

તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય નેતા તરીકે પ્રસ્થાપિત થવાના ઈરાદાથી અને કોંગ્રેસને દક્ષિણ ભારતમાં ગુમાવેલું વર્ચસ્વ પાછું મેળવી આપવાના વ્યૂહાત્મક વિચારથી તમિલનાડુ, કર્ણાટક અને કેરળના ત્રિબેટે આવેલી વાયનાડ બેઠખ પરથી ચૂંટણી જંગમાં ઊતરવાનું નક્કી કર્યું તે જ ક્ષણે વડાપ્રધાન મોદીએ તેઓને હિંદુ બહુમતી ધરાવતી એમની પરંપરાગત બેઠક પરથી જીતવાનો ભરોસો નથી રહ્યો એવો પ્રચાર શરૂ કરી દીધો હતો. મોદીનાં નિકટવર્તી મહિલા મંત્રી અને રાહુલનાં પ્રતિસ્પર્ધી સ્મૃતિ ઈરાનીની અટક અને એમના પતિનું નામ હિંદુ ધારાધોરણનાં નથી એમ પ્રિયંકા ગાંધીને પણ પતિ રોબર્ટ વાડ્રાનાં નામ-અટક નડી જ રહ્યા છે. પોતે ચૂંટણી મેદાનમાં ખસી ગયાં હોવા છતાં ઉમા ભારતી પાર્ટીનાં સક્રિય સ્ટાર પ્રચારક છે અને પ્રિયંકાને એમને 'ચોરની પત્ની' કહી વિવાદ સર્જ્યો છે. ભોપાલની એમની સલામત બેઠક પર મુખ્યમંત્રી કમલનાથના આગ્રહને માન આપી દિગ્ગીરાજા કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. દિગ્વિજયસિંહે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અર્જુનસિંહનો રાજકીય વારસો સંભાળી મધ્યપ્રદેશના સંગઠનમાં મહાસચિવપદ સંભાળ્યા પછી સ્વૈચ્છાએ ચૂંટણીના રાજકારણથી દૂર રહી ભાજપ તથા સંઘ વિરુદ્ધ વિવાદાસ્પદ વિધાનો કરવામાં અને ભગવા આતંકવાદ જેવા ચિદમ્બરમ્ દ્વારા પ્રયોજિત શબ્દપ્રયોગનો વારંવાર પ્રચાર કરી હિંદુ સમાજમાં અળખામણા બની ચૂકેલા દિગ્વિજયસિંહને એક તબક્કે કોંગ્રેસ હાઈકમાન્ડ પાર્ટીની અસ્કામત નહીં પણ જવાબદારી સમજવા માંડ્યું હતું. પરંતુ વરિષ્ઠ નેતા તરીકે દિગ્ગીરાજાને કોંગ્રેસ સમૂળગા અવગણી શકે એમ નથી. મધ્યપ્રદેશમાં માધવરાવ સિંધિયાના સુપુત્રને આગળ ધરવા છતાં એમનું વજૂદ અકબંધ રહ્યું છે. કમલનાથને મુખ્યમંત્રી બનાવવામાં દિગ્વિજયસિંહનો રોલ હતો તે જાણીતું છે. ભોપાલ છેલ્લાં ઘણાં વર્ષોથી ભાજપની સલામત સીટ ગણાતું રહ્યું છે. અહીંથી ચૂંટણી લડવી તે દિગ્વિજયસિંહ માટે એક પડકાર છે, પરંતુ મિત્ર મુખ્યમંત્રીના સૂચનને એમને વધાવી લીધું છે. હિંદુ વિરોધી છબી ધરાવતા દિગ્વિજયસિંહ સામે ભારતીય જનતા પાર્ટીએ સાધ્વી પ્રજ્ઞા જેવાં હિંદુત્વવાદી નેતાને ઉતારીને દેશભરમાં હિંદુત્વના સમર્થક રાજકીય પરીબળ તરીકે ખુલ્લા પડવાનું જોખમ ખેડ્યું છે. સાધ્વી હાલ જામીન પર છૂટેલાં છે. માલેગાંવ બોમ્બ બ્લાસ્ટમાં સાધવી પ્રજ્ઞા સામે શંકાની સોય તકાયેલી છે. અસીમાનંદ સામે સમઝૌતા એક્સપ્રેસમાં બોમ્બ બ્લાસ્ટનો કેસ હતો જેમાં પુરાવાના અભાવે તેઓ નિર્દોષ છૂટ્યા છે. 'હિંદુ આતંકવાદ' જેવા શબ્દો વાપરી કોંગ્રેસના નેતાઓએ ભાજપ અને આરએસએસ વિરુદ્ધ લગાવેલ આક્ષેપોનો પ્રતિસાદ ભાજપ સાધ્વી પ્રજ્ઞાને તાબડતોબ ભોપાલમાં ઉમેદવાર તરીકે મૂકીને આપી રહ્યું છે. અગાઉ શિવરાજસિંહ ચૌહાણને ભોપાલની સીટ પરથી ચૂંટણી લડાવવાનું વિચારી રહેલ ભગવી પાર્ટીને ભગવાંધારી સાધ્વી વધુ લાયક લાગ્યા છે એનું એક જ કારણ છે : યોગી આદિત્યનાથની જેમ એક વધુ ભગવાંધારી સાધુની પસંદગીથી સાધુસમાજ ખુશ થશે. સાક્ષી મહારાજની જેમ સાધ્વી પ્રજ્ઞા પણ મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પર સીધું નિશાન તાકશે, જેના પડઘા દેશભરમાં પડશે. આખરે મોદીની તથાકથિત વિકાસપુરુષની ઈમેજ કે સબકા સાથ-સબકા વિકાસ વાળો મંત્ર ચૂંટણી ચિત્રમાં હાંસિયે ધકેલાઈ ગયા છે અને હિંદુત્વનો હુકમનો એક્કો કેન્દ્રમાં આવી ગયો છે.

તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ચિત્રકૂટના ઘાટ ઉપર સંતોની ભીડ હતી. અહીં તુલસી દાસ ચંદન ઘસી રહ્યા હતા. સાથે બેસીને, શ્રીરામે એમાંથી લઈને તિલક કરી લીધું.

આ પહેલાં કાશીમાં રામઘાટ ઉપર હનુમાનજીએ એમને દર્શન આપ્યા હતા.

સન્યાસ લીધો, પછી તુલસીદાસે પ્રયાગમાં રામકથા કહેવાનું શરૂ કર્યું.

ઈ.સ. ૧૫૭૫માં આ શ્રીમદ્ ગોસ્વામી તુલસીદાસે અયોધ્યામાં 'રામચરિત માનસ' નો પ્રારંભ કર્યો. અહીં બેસીને સતત બે વર્ષ અને સાત માસમાં આ ગ્રંથ પૂરો કર્યો હતો.

એમને સંસ્કૃતમાં 'શ્રીરામ ચંદ્રસ્તુતિ'ની રચના કરી છે. છ શ્લોકની આ નાની એવી રચના સરળ અને સુગેય છે.

(૧) તમે ભક્તવત્સલ છો. તમારો સ્વભાવ દયાળ અને કોમલ છે. મારાં તમને પ્રણાણ. તમે નિઃસ્વાર્થ લોકોને તમારાં ધામમાં સ્થાન આપો છો. તમારા ચરણકમળમાં મારાં વંદન. તમારો વર્ણ કદમ શ્યામ અને તેથી સુંદર છે. આ સંસાર સાગ છે, તો તમે મંદર પર્વત છો. તમારાં નેત્રો ખીલેલાં કમળ જેવાં છે. તમે અમારા મદ વગેરે છ દોષોને દૂર કરો છો.

(૨) તમારા દીર્ઘ બાહુઓ પરાક્રમી છે. હે પ્રભુ ! તમારો વૈભવ અપાર છે. તમે ધનુષ્ય, બાણ અને ભાથો ધારણ કરો છો. તમે ત્રણેય લોકના સ્વામી છો. તમે સૂર્યના વંશને શોભાવ્યો છે. તમે શિવજીનાં ધનુષ્યનો ભંગ કર્યો છે. તમે મુનિવરો અને સંતાનોને આનંદ આપો છો. તમે અસુરોના સમૂહોનો નાશ કર્યો છે.

(૩) તમને શિવજી વંદન કરે છે, બ્રહ્મા વગેરે દેવો તમારી સેવા કરે છે, તમે નિર્મળ જ્ઞાન સ્વરુપ છો. તમે અમારા બધા દોષોને દૂર છો. તમે લક્ષ્મીપતિ છો. તમને નમન. તમે આનંદસ્વરુપ છો. સંતોની ગતિ તમારા તરફ છે. તમે સીતા અને લક્ષ્મણ સાથે હો છો, તમને વંદા. તમે ઈન્દ્રના પ્રિય નાનાભાઈ છો.

(૪) જે કોઈ મનુષ્ય દ્વેષ વગેરે દોષોને છોડીને તમારા ચરણમાં આવે છે. તેઓ સંસાર સાગરમાં ફરીથી આવતા નથી. નહિતર આમાં તો કૂતર્કોનાં કેટલાંય તરંગો છો. એકાંત વાસી સંતો આનંદથી તમને પોતાની મુક્તિ માટે સેવે છે. અને ખેરખર તેઓ સંયમી બનીને પોતાને અનુરુપ ગતિને પામે છે.

(૫) તમે અદ્‌ભૂત છો. પ્રભુ છો, નિઃસ્વાર્થ છો, ઈશ્વર છો. ઈશ્વર છો, વ્યાપક છો, જગદ્‌ગુરુ છો, શાશ્વત છો,ચોથી તુરીય સ્થિતિ ને પામેલા છો, અદ્વૈત છો, તમને વંદન. તમે ભાવના ભૂખ્યા છો, કહેવાતા હલકા યોગીઓને તો તમે એકદમ દુર્લભ છો. તમે તમારા ભક્તોને મારા કલ્પવૃક્ષ છો. સૌ કોઈને કાયમને માટે તમારી એકસરકી સેવા કરવી જોઈએ.

(૬) તમારું સ્વરુપ અનુપમ છે, તમે જ રાજા જ છો, તમે સીતાના પતિ છો, તમને મારાં નમન. મારા પર કૃપા કરો. તમને નમન. મને તમારા ચરણ કમળમાં ભક્ત આપો.

જે કોઈ મનુષ્ય આ સ્તુતિનો પાઠ આદર સાથે કરે છે, તે તમારી જ ભક્તિથી યુક્ત બને છે અને પછી તમારાં જ સ્થાનને પામે છે; એ બાબતમાં જરાય શંકા નથી.

તુલસીદાસના સમગ્ર જીવનમાં શ્રીરામ પ્રત્યેની અનન્ય ભક્તિ વણાયેલી; એ આ સ્તુતિમાં પણ પ્રગટ થાય છે.

ગુજરાતમાં સિન્ધુ સંસ્કૃતિના અવશેષો કયાંથી મળી આવ્યા છે?

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૧ બૌદ્ધ દેવી તારાની મૂર્તિ કયા પર્વત પરથી મળી આવી હતી ?
(અ) આબુ (બ) તારંગા
(ક) અંબાજી (ડ) પાવાગઢ

૨ ભદ્રેશ્વરનાં જૈન દેરાસરોનો જિણોદ્ધાર કોણે કરાવ્યો હતો ?
(અ) દાનવીર જગડૂશાએ (બ) કુમારપાળે
(ક) વસ્તુપાળે (ડ) સિદ્ધરાજ જયસિંહે

૩ નીચેનામાંથી કયા સ્થળે ભમ્મરીયો કુવો આવેલો છે ?
(અ) ડભોઈ (બ) અડાલજ
(ક) પાટણ (ડ) મહેમદાબાદ

૪ ઉત્તર ગુજરાતના ઠાકોરોના નૃત્યુનું નામ શું છે?
(અ) ઠાગા નૃત્ય (બ) ઢોલો રાણો
(ક) ડોકા રાસ (ડ) ચાળો નૃત્ય

૫ જોરાવરસિંહ જાદવનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે?
(અ) લોક કલાકાર (બ) લોકસાહિત્યના અભ્યાસુ
(ક) નાટ્યક્ષેત્ર (ડ) ચારણી સાહિત્ય

૬ પ્રાગજી ડોસાનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું હતું?
(અ) ચિત્રકલા (બ) સંગીત
(ક) ગુજરાતી નાટ્ય (ડ) લોકસાહિત્ય

૭ શુક્લતીર્થનો મેળો કયારે ભરાય છે ?
(અ) કાર્તિકી પૂર્ણિમા (બ) ચૈત્રી પૂર્ણિમા
(ક) અષાઢી પૂર્ણિમા (ડ) શરદ પૂર્ણિમા

૮ બાર્ટન સંગ્રહાલય કયાં આવેલું છે ?
(અ) જામનગર (બ) રાજકોટ
(ક) અમરેલી (ડ) ભાવનગર

૯ હસમુખ સાંકળીયાનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે ?
(અ) પુરાતત્વ વિદ્યા (બ) નાટ્યલેખન
(ક) શિલ્પ નિર્માણ (ડ) લોક સાહિત્ય

૧૦ ગુજરાત સરકાર દ્વારા કયા ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા બદલ જયદિપસિંહજી એવોર્ડ અપાય છે ?
(અ) કલા અને સંસ્કૃતિ (બ) રમત-ગમત
(ક) શિક્ષણ (ડ) વિજ્ઞાન-સંશોધન

૧૧ ગુજરાતમાં સિન્ધુ સંસ્કૃતિના અવશેષો કયાંથી મળી આવ્યા છે ?
(અ) ગીરનાર (બ) લોથલ
(ક) પાટણ (ડ) ઘોલાવીરા

૧૨ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર ગુજરાતના પ્રથમ કવિ કોણ હતા ?
(અ) ઉમાશંકર જોષી (બ) પન્નાલાલ પટેલ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) રઘુવીર ચૌધરી

૧૩ નર્મદ સાહિત્ય સભા કયાં આવેલી છે ?
(અ) વડોદરા (બ) ભરૂચ
(ક) સુરત (ડ) અમદાવાદ

૧૪ ઉત્તર ગુજરાતના કયા શહેરમાં આવેલ કાર્તિકેય સ્વામી મંદિર વર્ષમાં એક જ વાર ખુલે છે ?
(અ) પાટણ (બ) સિદ્ધપુર
(ક) તારંગા (ડ) ખેડબ્રહ્મા

૧૫ કાકા સાહેબ આદિવાસીઓ માટે કયો શબ્દ પ્રયોજે છે ?
(અ) વનબંધુ (બ) વનવાસી
(ક) ગિરીજન (ડ) વનમિત્રો

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૯ એપ્રિલ :**
  - ગાંધી મૂલ્યોને વરેલા ભૂલકાઓના પ્રિય એવા લેખિકા તારાબહેન મોડકનો જન્મદિવસ (૧૮૯૨)
  - મહાન શિક્ષણશાસ્ત્રી અને લાલા લજપતરાયના દીક્ષામિત્ર લાલા હંસરાજનો જન્મદિવસ (૧૮૬૧)
  - રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીનો જન્મદિવસ (૧૯૫૭)
  - મુન્નાભાઈના સરકીટ તરીકે જાણીતા અભિનેતા અરશદ વારસીનો જન્મદિવસ (૧૯૬૮)
- **૨૦ એપ્રિલ :**
  - જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હીટલરનો જન્મદિવસ (૧૮૮૯)
  - લઈ પાશ્ચર અને કલોડ બર્નોડે પ્રથમ પેશ્યુરાઈઝેશન ટેસ્ટ પૂરો કર્યો. (૧૮૬૨)
  - પિયરે અને મેરીક્યુરીએ રેડિયમ કલોરાઈડ બનાવ્યું (૧૯૦૨)
  - બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સોવિયેટ સૈન્ય બર્લિનમાં પ્રવેશ્યું (૧૯૪૫)
- **૨૧ એપ્રિલ : રાજીવ ગાંધી પુણ્યતિથિ દિન / નેશનલ પબ્લીક રિલેશન ડે**
  - ભારતના ગણિત શાસ્ત્રી હ્યુમન કોમ્પ્યુટર કહેવાતા શકુંતલા દેવીનું નિધન (૨૦૧૩)
  - ઈબ્રાહીમ લોદી અને બાબર વચ્ચે પાણીપતમાં પ્રથમ યુદ્ધ થયું (૧૫૨૬)
  - ભારત-નેપાળ વચ્ચે મનીઓર્ડર સેવા શરૂ થઈ (૧૯૩૭)
  - આઈ.કે. ગુજરાત વડાપ્રધાન બન્યા (૧૯૯૭)

૨૨મી એપ્રિલ : વિશ્વ પૃથ્વી દિવસ
- મહાત્મા ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીનો જન્મદિવસ (૧૯૪૫)
- દેશ સેવા માટે સુભાષચંદ્ર બોઝે ભારતીય સિવિલ સેવામાંથી રાજીનામું આપ્યું (૧૯૧૪)
- અમેરિકામાં હ્યુસ્ટન શહેરમાં આંખનું પ્રથમ વખત પ્રત્યારોપણ થયું (૧૯૬૯)
- સ્વામી સચ્ચિદાનંદની જન્મજંયતિ (૧૯૩૨)

૨૩મી એપ્રિલ : આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
- મહાન નાટ્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મદિવસ (૧૫૬૪)
- વિશ્વના મહાન કવિઓમાં ગણનાપાત્ર એવા વિલિયમ વર્ડઝવર્થનું નિધન (૧૮૫૦)
- ગુજરાતી મૂળના હીરો દેવ પટેલનો જન્મદિવસ (૧૯૯૦)

- **૨૪મી એપ્રિલ : રાષ્ટ્રીય પંચાયતી દિવસ / વર્લ્ડ એસ્ટ્રોનોમી ડે**
  - સાહિત્યકાર ભાનુપ્રસાદ પંડ્યાનો જન્મદિવસ (૧૯૩૨)
  - અમેરિકામાં પ્રથમ નિયમિત અખબાર 'ધ ન્યૂઝ લેટર'નું પ્રકાશન શરૂ થયું. (૧૭૦૪)
  - ભારતના બીજા રાષ્ટ્રપતિ એસ. રાધાકિષ્ણનનું નિધન (૧૯૭૫)
  - ચીને પોતાનો પ્રથમ ઉપગ્રહ ડાંગ ફાંગ હાંગ ખાતેતી પ્રક્ષેપણ કર્યો (૧૯૭૦)
  - સચિન તેંડુલકરનો જન્મદિવસ (૧૯૭૩)
- **૨૫ એપ્રિલ : વિશ્વ મલેરિયા દિવસ**
  - વાયરલેસ અને રેડિયોના શોધક ગુગ્લીમો માર્કોનીનો જન્મદિવસ (૧૮૭૪)
  - પ્લેબેક સિંગર અરિજીત સિંહનો જન્મદિવસ (૧૯૮૭)
  - હોલીવુડની સિંગર 'સ્કારકેસ' અને 'ગોડ ફાધર' ફિલ્મોમાં અભિનય કરનાર અલ પચીનો જન્મ દિવસ (૧૯૪૦)

ગત સપ્તાહના સવાલનો જવાબ

રાહુલ ગાંધીએ અમેઠીની સાથે બીજી કઈ લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે ? જવાબ : વાયનાડ (કેરાલા)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૨) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૮) ઋજિત એમ. રાવલ : સે-૭ડી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

સીપીઆઈની ટિકીટ પર કન્હૈયાકુમાર કયા મતક્ષેત્રમાંથી લડી રહ્યા છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

રામભક્ત હનુમાન

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ચૈત્ર સુદ પૂનમને મંગળવારના દિવસે અંજનાના ગર્ભથી ભગવાન શંકરે વાનરરૂપે અવતાર ધારણ કર્યો. અંજના અને કેસરીના આનંદનો પાર ન રહ્યો. શુક્લ પક્ષના ચંદ્રની જેમ દિન-પ્રતિદિન મોટા થતા બાળકનું લાલનપાલન ખૂબ જ મન લગાવીને થવા લાગ્યું. અંજના કયાંય જતાં તો તેને પોતાની છાતી સાથે લગાડતાં. કેસરી બાળકને પોતાની પીઠ ઉપર બેસાડીને છલાંગો લગાવતા અને પોતાના બાળકને આનંદિત જોઈને પોતે પણ આનંદ મગ્ન બની જતા.

એક દિવસે બાળકને ઘરે મૂકીને અંજના કયાંક ફળફુલ લેવા માટે ગયા હતા. કેસરી તો પહેલેથી જ કયાંક બહાર ગયેલા હતા. બાળક ઘરમાં એકલો હતો અને તેને ભૂખ લાગી હતી. તેણે આમતેમ જોયું પણ તેને કોઈ વસ્તુ મળી નહીં. અંતે તેની દૃષ્ટિ સૂર્ય ઉપર પડી. પ્રાતઃકાળનો સમય હતો. બાળક વિતાર્યું કે આ તો ઘણું સુંદર લાગચટાક ફળ છે. તે ખાવામાં અને રમવામાં એમ બંને કામમાં આવશે. બાળકે સૂર્ય સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો. વાયુદેવે પહેલેથી જ તેને ઉડવાની શક્તિ આપી હતી. અથવા એમ પણ કહી શકાય કે ભગવાન શંકરની લીલામાં આ આશ્ચર્ય પામવા જેવી શી વાત હતી !

તે બાળક આકાશમાં ઉડવા લાગ્યો. દેવતા, દાનવ, યજ્ઞ વગેરે તેને જોઈને વિસ્મય પામ્યા. વાયુદેવના મનમાં શંકા થઈ. તેમણે વિચાર્યું કે 'મારો આ નાનકડો બાળક સૂર્ય તરફ દોડતો આવી રહ્યો છે. મધ્યકાળના તરુણ સૂર્યનાં પ્રખર કિરણોથી કયાંક તે બળી ન જાય !' તેમણે હિમાલય અને મલયાચલમાંથી શીતળતા એકઠી કરી. અને પોતાના પુત્રની પાછળ પાછલ જવા લાગ્યા. સૂર્ય ભગવાને પણ આ જોયું. તેની દિવ્ય દૃષ્ટિથી બાળકની મહત્તા છાની રહી નહીં. તેમનાં મનમાં ઘણા વિચારો આવ્યા. તેમણે જોયું કે સ્વયં ભગવાન શંકર જ બાળ વાનર સ્વરુપે મારી પાસે આવી રહ્યા છે. એ વાત પણ તેમનાથી છાની ન રહી કે મારા પિતાતુલ્ય વાયુદેવના આશીર્વાદથી જ આ બાળકનો જન્મ થયો છે. અને તેઓ સ્વયં તેનું રક્ષણ કરવા આવી રહ્યા છે. તેમણે પોતાના કર-કિરણોને શીતળ બનાવી દીધા. જાણે કે પોતાના કર-કિરણોથી પોતાના નાનાભાઈ ને લાડ કરતા હોય ! અથવા જગત્પિતા શંકરને પોતાની પાસે આવતા જોઈને તેમનું સ્વાગત કરતાં હોય ! તે બાળક સૂર્યનારથ ઉપર પહોંચી ગયો. સૂર્ય સાથે રમવા લાગ્યો. તે દિવસે ગ્રહણ હતું. પોતાનો સમય થયો જાણી ને રાહુ સૂર્યનો ગ્રાસ કરવા આવ્યો. તેણે જોયું કે એક વાનર - બાળ સૂર્યના રથ ઉપર બેઠો છે. પહેલાં તો રાહુલ એ કોઈ પરવા ન કરી. હંમેશાની જેમ જ સૂર્ય ઉપર તૂટી પડ્યો. પરંતુ જયારે બાળકના દૃઢ હાથોથી પકડાઈ ગયો ત્યારે તે ભયભીત થઈ ગયો અને ગમે તેમ કરીને પોતાની જાતને છોડાવીને નાઠો. તે સીધો દેવરાજ ઈન્દ્રની પાસે ગયો. તેણે જઈને ઈન્દ્રને કહ્યું, 'દેવરાજ ! તમે સૂર્યનું ગ્રહણ કરવાનો અધિકાર મને આપેલો છે. હવે શું એ અધિકાર તમે કોઈ બીજાને પણ આપ્યો છે ?' ઈન્દ્રને ધમકાવીને સૂર્ય પાસે મોકલ્યો. ફરિવાર રાહુના જવાથી બાળકને પોતાની ભૂખ યાદ આવી. તેણે વિચાર્યું ખાવા માટે આ સારી વસ્તુ છે. અને તે રાહુ પર તૂટી પડ્યો. રાહુ આ બાળકના તેજથી ડરી પડ્યો. રાહુ આ બાળકના તેજથી ડરી ગયો અને પોતાના રક્ષણ માટે ઈન્દ્રને પોકારવા લાગ્યો. ઈન્દ્ર ઐરાવત પર ચઢી ને તેના રક્ષણ માટે દોડી આવ્યા. ઐરાવત ને જોઈને જ બાળકે રાહુને છોડી દીધો અને એ ઐરાવતને એક સારું ફળ સમજી તેને પકડવા દોડ્યો. હવે ઈન્દ્રે ડરી જઈ પોતાનું વજ્ર ફેંક્યું જેનાથી બાળકની ડાબી હડપચી તૂટી ગી. બાળક ઘાયલ થઈને પર્વત ઉપર પડ્યો. અને તરફડવા લાગ્યો.

વાયુદેવ બાળકને ઉઠાવીને ગુફામાં લઈ ગયો. તેમને ઈન્દ્ર પર ઘણો જ ક્રોધ આવ્યો. અને તેમને પોતાની ગતિ બંધ કરી દીધી. વાયુનાં બંધ થવાથી બધા લાકડા જેવા થઈ ગયા.ત્રણ લોકમાં કોઈ હાલી ચાલી ન શકતું નહોતું. બધાનાં શ્વાસ બંધ થઈ ગયા. દેવતાઓ ગભરાઈ ગયા. ઈન્દ્ર દોડતા બ્રહ્માજી પાસે ગયા. તે જ ક્ષણે બ્રહ્માજી પર્વતની પેલી ગુફામાં ગયા અને પોતાના હાથથી બાળકને સ્પર્શ કરીને તેને સજીવન કર્યો. બાળક પ્રસન્નતાથી ઊભો થઈ ગયો. વાયુદેવ ખૂબ જ પ્રસન્ન થયા અને તેમને સમસ્ય જગતમાં પ્રાણ સંચાર કરી દીધો. બ્રહ્માજી એ દેવતાઓને કહ્યું, 'આ કોઈ સાધારણ બાળક નથી. આ બાળક દેવતાઓનું કાર્ય સાધવા માટે પ્રગટ થયો છે.'